## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ



આન્ટી, આ મહિનામાં તો મારે હાથે મહેંદીને હળદળ લગાવવાની હતી... જુઓને અત્યારે સેનેટાઈઝર વાળા હાથ કરી દિવસ પસાર કરું છું...!!

# કોબા ગામમાં ફેરીયાઓ માટે "નો એન્ટ્રી"

ગાંધીનગર, તા.૧૫

સમગ્ર રાજયમાં કોરોના એ કહેર મચાવ્યો છે. ત્યારે કોરોના ગ્રામ્ય વિસ્તારમાં પ્રવેશ ન કરે તે માટે ગામના સરપંચ અને ગ્રામજનો દ્વારા ખાસ તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે. ત્યારે કોબા ગામપંચાયત દ્વારા સૌ ગ્રામજનોને નોટીસ પાઠવી જણાવવામાં આવે છે કે કોબા ગામના જે કોઈ ગ્રામજનો બહારગામ કે શહેરમાં વસવાટ કરે છે. તેઓને સરકાર કે ગ્રામ પંચાયત દ્વારા સુચના ના મળે ત્યાં સુધી કોઈએ પ્રવેશ કરવો નહી. જો ગામમાં પ્રવેશ કરવામાં આવશે અને બીજી અન્ય વ્યકિત દ્વારા જાણ કરવામાં આવશે તો પોલીસ દ્વારા કડક કાર્યવાહી હાથ ધરાશે. શાકભાજી કે ફેરીયાએ પણ ગામમાં પ્રવેશ કરવો નહી. ગ્રામ પંચાયત કે અન્ય સરકારી કચેરી ખાતે એક કે તેથી વધુ નાગરીકોએ ભેગા થવુ નહી, તેમજ જાહેરમાં થુંકવુ નહી, કામ સિવાય ઘરની બહાર નીકળવુ નહી અને ગામની અંદર ટોળુ વળીને બેસવુ નહી, આ નોટીસનો ગ્રામજનોએ કડક રીતે અમલ કરવાનો છે.જયારે ગામમાં પણ દરેક નાગરીકે માસ્કનો ઉપયોગ કરજીયાત કરવાનો છે . તેમજ ન પહેરનાર વ્યકિતેએ ૧૦ ફરજીયાત ચુકવવા પડશે. જયારે કોબા ગામમાં પ્રવેશ કરો તે પહેલા સેનેટાઈજર મશીનમાંથી પસાર થવાનું રહેશે તેમ કોબા ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા જણાવાયુ છે.



કોરોનાની લડાઈ લડી રહેલા કોરોના વોરીયર્સ દિવસ રાત કામ કરી રહ્યા છે. સરકારી કર્મચારીઓ, સફાઈ કામદારો, ડૉકટરો, સુરક્ષા કર્મીઓ સતત કોરોના સામે લડી રહ્યા છે. તેમનો જોમ જુસ્સો વધારવા શહેર ભાજપ અને સેકટર-૬-એના વસાહતીઓ દ્વારા આ કોરોના વોરીયર્સનું સન્માન કરવામાં આવ્યું હતું.

# ...જે હોમવર્ક બરાબર પૂરું કરશે એને જ રમવા જવા મળશે..!!

### લોકડાઉન લંબાવવાના મુદ્દે સોશિયલ મિડીયા પર છવાયાં નેટિઝન્સના મજેદાર ચબરાકિયા..!!

*કોરોના વાયરસને પગલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા લૉકડાઉનને તા.૩ મે સુધી લંબાવવાનો નિર્ણય જાહેર કરવામાં આવ્યો હતો. આ નિર્ણયને પગલે સોશિયલ મીડિયા પર નેટિઝન્સ દ્વારા એક થી એક ચડે તેવા મજેદાર ચબરાકિયા થકી આનંદ લેવામાં આવી રહ્યો છે. આમ પણ અત્યારે લૉકડાઉનના સમયમાં નાગરિકોને સમય પસાર કરવા માટે સોશિયલ મીડિયા એક ખૂબ જ મહત્વનું અને સૌથી વધુ વપરાતું હાથવગું સાધન બની જવા પામી છે જેના થકી નાગરિકો પોતાના સ્નેહીજનો મિત્રો સગાવહાલાને સંપર્કમાં પણ રહી શકે છે અને તે સાથે સાથે એકબીજાને અવનવા ચટાકેદાર મેસેજીસ શે'ર કરીને પોતાનો સમય પણ આનંદથી પસાર કરી શકે છે. આવો અત્રે માણીએ તે પૈકીના થોડાક પસંદ કરેલા ચબરાકિયા...!*

દુઃખ ભરે દિન બિતે રે ભૈયા અબ સુખ આયો રે..
સવારનું મનમાં આ ગીત ગણ ગણ તો હતો.
ગઈકાલે બરાબર ૧૦.૧૫ વાગે ગીત ગળામાં જ ઘૂંટાઈ જઈને પેટમાં ઉતરી ગયું.

*****

મોદી કાકા એ શિક્ષક જેવું કર્યું....
જે હોમવર્ક બરાબર પૂરું કરશે...એને બહાર રમવા જવા મળશે...

*****

દર વર્ષે 'એપ્રિલ ફૂલ' ઉજવતા હતા પરંતુ આ વર્ષે 'ફૂલ એપ્રિલ' ઉજવીશું

*****

લોકડાઉન ખુલ્યા પછી :
એરહોસ્ટેસ : સર તમને આ ફ્લાઈટમાં બિલ્કુલ ઘર જેવી સુવિધાઓ મળશે.
યાત્રી : વાંધો નહીં બેન પણ હું કચરા પોતા તો નહીં જ કરું.

*****

અમેરીકા વાળા પાસે સૌથી વધારે સુપર હિરો હતા, દુનિયા ને બચાવવા માટે
મોટી એવેન્જર્સ ની ટીમ હતી,
પણ એક વાયરસે બધા ને ઘરે બેસાડી દીધા,
હિરો તો એક જ નીકળ્યો એ પણ
આપણા હિરાબાનો..!

*****

પતિ : ૨૨ દિવસ થી તારા હાથ નું ખાઈ - ખાઈ ને કંટાળી ગયો છુ.
પત્ની : તો બહાર જઈને પોલીસ ના હાથનું ખાઈ આવો.

*****

ઉજી મે સુધી...
જેને પત્નીને ઘરકામ માં મદદ કરી, રસોઈ કરી એ ગ્રીન ઝોન માં...!
જેને કાઈ કામ નથી કરાવ્યું અને આડા ય નથી આવ્યા એ ઓરેન્જ ઝોન માં...!
અને જેને માથાકૂટ કરી છે અને આખો દિવસ વાંધા વચકા કાઢ્યા છે એ હવે રેડ ઝોન માં...!!

*****

સોસાયટીમાં માહોલ એટલો બધો સુમસામ છે કે ઘરમાં તમે બૂમ પાડો કે 'ચા બનાવજો'.
તો થોડીવારમાં આજુ બાજુના ૩-૪ ઘરમાંથી આદુ ખાંડવાનો અવાજ સંભળાશે.

*****

માસ્ક પહેરીને પત્ની સાથે શાકભાજી લેવા ગયો હતો..
ઘરે આવી બંનેએ માસ્ક ઉતારીને જોયું,
તો બીજી નીકળી...
પત્નીના ૧૭ મિસકોલ હતા...
શું કરવું?

*****

બહારથી ઘેર આવીએ એટલે જાણે આભડીને આવ્યા હોય એવું લાગે છે...! !
માથાબોળ નાઈ લ્યો ક્યાંય અડતાં નઈ...! !

*****

સાત જન્મ સાથે રહેવા ના કોલ આપનાર આજે કહે છે તમારું ?માસ્ક કયું છે જોજો અલગ રાખજો....!!

*****

સાલું, આજકાલ ઊંઘી ને ઊઠ્યા પછી 'ગજિની' જેવું લાગે છે..
યાદ કરવું પડે છે કે રાત ની ઉંઘ લીધી કે બપોર ની?

*****

વાયડીના થઈ ને બહાર નીકળવા કરતા..;
બાયડીના થઇ ને ઘરમાં બેહી રહેવામાં શાણપણ છે .

*****

મોદી સાહેબે,
૧) હુકમ કર્યો - ૩ મે સુધી બંધ
૨) ધમકી આપી - ૨૦ એપ્રિલ સુધી હખણા રેજો નહીતો છૂટ નહી મળે મળી હશે એય પછી લઈ લઈશ.
૩) સલાહ સુચન આપ્યા - સપ્તપદી સાત સૂચનો. આટલી દાદાગીરી
અને તોય છેલ્લે બે હાથ જોડ્યા.
બોલો છે કઈ ?

*****

ઘર આગળ શાકભાજી ની લારી આવી, શાક લેવા ગયો.અમારા પડોશી પણ બહાર ઉભા હતા.
શાકભાજી વાળો-(પડોશીને) બેન, આવો શાક લઈ લો.
મે કીધું- અલ્યા જોઈને બોલ, એ ભાઈ છે. લોકડાઉનને લીધે વાળ વધી ગયા છે એટલે એવા લાગે છે.

# ચિલોડા સર્કલથી ગાડીમાં ગુટખાનો સામાન લઈ જતા બે શખ્સો ઝડપાયા

ગાંધીનગર, તા.૧૫

ચિલોડા સર્કલ પાસેથી કારમાં ગુટખા નો સામાન લઈને જતા બે શખ્સોને ચિલોડા પોલીસે પકડી પાડ્યા છે. ચિલોડા પોલીસના સ્ટાફના જવાનો ફરજ પર હતા તે દરમિયાન એક લાલ કલરની મારૂતિ ઝેન ગાડીમાં બે શખ્સો આવ્યા હતા. ગાડીને પોલીસે ચેક કરતા અંદરથી પ્લાસ્ટીકના બે થેલામાંથી બીડી તેમજ પાન-ગુટખાનો સામાન મળી આવ્યો હતો. પોલીસે ગાડીમાં બેઠેલા શખ્સનું નામ પુછતા તે કલોલના રાજેન્દ્રગીરી જયંતગીરી ગોસ્વામી (ઉં.૩૬ ગોસાઈ કુંજ સોસાયટી) તેમજ દશરથભાઈ કનુજી ઠાકોર (ઉં.૪૬ કલ્યાણજીનું પરુ) હોવાનું સામે આવ્યું હતું. હાલમાં લોકડાઉનના સમયગાળામાં પ્રતિબંધિત ગણતો ગુટખાનો સામાન સહિત પોલીસે જી.જે.૦૧.કે.એ.-૨૬૪૮ નંબરની ઝેન ગાડી મળી કુલ ૫૦ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. જયારે ચિલોડા પોલીસે બે શખ્સો સામે જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આગામી દિવસોમાં ગરમીમાં રાહત મળશે

ગાંધીનગર, તા. ૧૫

આગામી દિવસોમાં વાદળો આવતાં મહત્તમ ઉષ્ણતામાનમાં ઘટાડો થાય, હજુ ચૈત્ર માસમાં સખત લૂ ઝરતી નથી, ચૈત્ર દનિયા તપે તો ચોમાસુ સારૂ આવે તેવો અંદાજ મુકાય છે. દનિયા ચૈત્રમાસની અમાસ સુધી છે જોકે હાલમાં ઈષ્ટ ગરમી પડી રહી છે પવન બદલાતા મહત્તમ ઉષ્ણતામાનમાં ઘટાડો થવાની સંભાવના રહે.

તા. ૧૬, ૧૭માં હવામાન પલટાય. ૨૧ થી ૨૮માં વાદળો આવતાં દેશના પશ્ચિમી ભાગોમાં કમોસમી વરસાદ કે કરા પડી શકે. આ અરસામાં પવન ફૂંકાય અને મહત્તમ ઉષ્ણતામાનમાં ઘટાડો થાય. તા. ૨૬થી આંધી-વંટોળનું પ્રમાણ વધે. બંગાળના ઉપસાગરમાં હવાનું હળવુ દબાણ ઉભુ થાય ને તા. ૫ મે થી બંગાળમાં હળવા દબાણો ઉભા થાય, દરિયો તોફાની બને, ભૂ ભાગોમાં આંધી-વંટોળનું પ્રમાણ વધે. ગંગા-જમનાના મેદાનો તપે તો સારો વરસાદ થઈ શકે. સારા ચોમાસા માટે આંધી-વંટોળની ગતિવિધી જરૂરી છે.

આંદોમાન-નિકોબાર ટાપુ પર વરસાદ થાય તેમજ શ્રીલંકાથી ઉડતુ ચોમાસુ ભારતના દક્ષિણ છેડે કેવુ પ્રભાવી રહે છે જે પછી ચોમાસાની ગતિવિધીની ખબર પડે. હાલમાં સારા ચોમાસાનો અંદાજ મુકી શકાય પરંતુ ખરેખર ચોમાસા અંગેના પરિબળો મે-જૂનમાં જેવા ઘટે.

# ખ-૩ પાસે કબુતર પકડવા જતા બે યુવક કૂવામાં પડ્યા

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર શહેરના ખ-૩ માર્ગ પાસે વાવોલ ગામના અંદાજીત ૭૦ ફુટથી વધુ ઉંડો અવાવરુ કુવામાં કબુતર પકડવા માટે ગયેલ બે યુવક કુવામાં નીચે પડ્યા હતા. બનાવની જાણ ફાયરટીમને કરવામાં આવતા ફાયર ટીમના સભ્યો તાત્કાલીક ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બે યુવકને બહાર નીકાળી સારવાર માટે મોકલી આપ્યા હતા.

પ્રાપ્ત માહિતી મુજબ ગાંધીનગર શહેરના સેકટર-૧૩ છાપરા વિસ્તારમાં રહેતા અમીર દિલિપભાઈ સલાટ (ઉં.૩૦) અને માલદેવ બાબુભાઈ સલાટ (ઉં.૩૫) છુટક મજુરી કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. ત્યારે આજે સવારના ખ-૩ પાસે બંન્ને શખ્સો કબુતર પકડવા માટે જતા વાવોલના ઉંડા કુવામાં પડી ગયા હતા. જો કે બનાવની જાણ કોઈને થતા તેઓએ તાત્કાલીક ફાયર ટીમને કોલ કર્યો હતો. ફાયર બ્રિગેડના જવાનો તાત્કાલીક આવી જઈને કુવામાં નીચે ઉતરીને વારાફરતી બંન્ને યુવકોને બહાર નીકાળ્યા હતા. ફાયરના જવાનોએ એક કલાકની ભારે જહેમત બાદ યુવકોને હેમખેમ બહાર નીકાળ્યા હતા. કુવામાં નીચે પટકાતા યુવકોને ઈજા પહોંચતા સારવાર પણ કરાવી હતી.



ગાંધીનગર શહેરના સ્વર્ણીમ સંકુલ ખાતે આવેલા મહિ સમિતિ ખંડ, તાપી સમિતિ ખંડ અને નર્મદા પરિષદ ખંડ સહિત સચિવાલયની ઈમારતો અને માર્ગ સહિતના સ્થાનો પર દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ફાયર ટીમના જવાનો દ્વારા સમગ્ર સચિવાલય સંકુલમાં સેનેટાઈઝેશન કરવામાં આવ્યું હતું.

# લોકડાઉન પસાર કરવામાં ગાંધીનગર જિલ્લાવાસીઓની સમજદારીને સલામ

### જિલ્લા વહીવટીતંત્ર - આરોગ્યતંત્ર અને પોલીસતંત્રએ ખડે પગે રહી લોકોને જીવન જરૂરી સેવાઓ પૂરી પાડી : સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓએ સેવા યજ્ઞ દ્વારા ભોજન આપીને ગરીબ પરિવારોની જઠરાગ્નિને સંતોષી

ગાંધીનગર, તા. ૧૫

ઉતાવળા સો બાવરા, ધિરાશો ગંભીર એ કહેવતને ગાંધીનગર જિલ્લાવાસીઓએ એકદમ ચરિતાર્થ કરી છે. કારણ સમગ્ર વિશ્વમાં કોરોનાનો હાહાકાર મચ્યો છે. તમામ બજારો, વાહન વ્યવહાર તેમજ હરવા ફરવાનું પણ જડબેસલાક બંધ છે તેમ છતાં ગાંધીનગર જિલ્લાના સુજ્ઞ નાગરિકોની રાષ્ટ્રપ્રત્યેની ફરજ નિષ્ઠા અને કર્તવ્ય પરાયણતામાં લેશમાત્ર કમી આવી નથી. લોકોની ધીરજને ધન્ય છે.

તેમની શાંતીને સલામ છે. નહીતર અઠવાડિયામાં, પંદર દિવસમા કે મહિનામાં કોઈ એક દિવસ પાર્ટી ન થાય કોઈ શોશ્યલ ફંકશન કે કોઈ એક સ્થળનો પ્રવાસ ન થાય તો મનમાં જેમ તેમ જેમ તેમ થઈ જતુ, ગાંધીનગરની મહિલાઓને ધન્ય છે. શોપિંગની શોખીન તેમજ ચટાકેદાર નાસ્તા કે પાણીપુરી વિના રહી ન શકનાર મહિલાઓને ૨૧ દિવસ થયા જો કોઈ માગણી કરી હોય અરે બાળકો પણ એટલાં જ સમજદાર થઈ ગયા છે કે બહાર જવાની કોઈ જીદ પકડીને કે રિસાવા-મનાવા વિના એક જ સૂર બસ લોકડાઉનનો અમલ કરી ઘરમાં જ રહી કોરોનાને હરાવા એકજૂટ થયા છે ૨૧ દિવસ પૂરા થઈ ગયા પણ કોઈ અનિચ્છયનિય બનાવ વિના...

રાજય સરકારનું જિલ્લા વહીવટી તંત્ર - સામાજિક અને સેવાભાવી સ્વૈચ્છિક સંસ્થાઓએ આદરેલા સેવા યજ્ઞ દ્વારા આ કપરા કાળને રમતાં રમતાં જાણે કે પસાર કરી દીધો, જેમાં કોઈ સંસ્થાએ માસ્ક બનાવીને વહેચ્યા, તો કોઈ સંસ્થાએ સેનિટાઈઝર, કોઈ સંસ્થાએ ઘરે ઘરે જઈને જીવન જરૂરી ચીજ વસ્તુઓની કીટ બનાવીને વિતરણ કર્યું તો વળી કોઈ સંસ્થાઓએ કે જે લોકો રોજનું કમાઈને રોજનું ખાવાવાળા લોકોને બે ટાઈમનું ભોજન આપીને ગરીબ અને જરૂરિયાત મંદ પરિવારોના જઠરાગ્નિને ઠારવાનું કામ કર્યું છે.



જિલ્લા વહીવટી તંત્રએ જિલ્લામાં જે પરપ્રાંતિય પરિવારો તેમના વતનમાં જે જઈ શકે તેમ નથી તેવા શ્રમિકો અને કામદારો માટે ૧૩ જેટલા સેલ્ટર હોમ કાર્યરત કર્યા જેમાં મોટા ત્રણ સેલ્ટર હોમ ગાંધીનગર કડી કેમ્પસ, ચિલોડા અને કલોલમાં જેમા ૪૦૦ જેટલા લોકો આશ્રય લઈ રહ્યા છે જે લોકોને બે ટાઈમ ચા નાસ્તો અને બપોર તેમજ સાંજનું ભોજન સહિત કોલગેટ-બ્રશ-દાઢીનો સામાન-નાવા-ધોવાના સાબુ અને કપડાં તેમજ રહેવા માટેની સુંદર સગવડ પૂરી પાડવામાં આવી છે.

જિલ્લાનું આરોગ્યતંત્ર દિવસ રાત ખડેપગે રહીને આરોગ્ય ટીમો દ્વારા ગામે ગામ ડોર ટુ ડોર સર્વે કરીને કોરોનાના દર્દીઓ શોધવા ચકાસણી કરી રહી છે. તેમજ આ દરમ્યાન કોઈ શંકાસ્પદ વ્યકિત મળે તો તેમને કરોન્ટાઈન કરવામાં આવે છે. અને પરીક્ષણ દરમ્યાન જો કેસ પોઝીટીવ જણાયતો તરત જ આઈસોલેશનમાં મોકલી આપવામાં આવે છે. ગાંધીનગર સિવિલમાં ૩૦૦ બેડની કોવિડ-૧૯ હોસ્પિટલ ઉભી કરવામાં આવી છે ત્યાં તબીબો/મેડિકલ અને પરેમેડિકલ સ્ટાફ પોતાના પરિવાર અને જીવની પરવા કર્યા વિના ૨૭૮૪ ફરજ પર હાજર હોય છે.

જિલ્લાના પોલીસતંત્ર દ્વારા જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના માર્ગદર્શન હેઠળ પોલીસ જવાનો, પીએસઆઈ, ડીવાયએસપી ખડે પગે રહીને લોકડાઉનનો કડક અમલ કરાવી રહ્યા છે. જિલ્લાની સરહદો સિલ કરી ત્યારે બંધોબસ્ત દ્વારા લોખંડી કિલ્લેબંધી કરી ત્યારે બંધોબસ્ત બેરીકેટિંગ દ્વારા ઘનિષ્ઠ ચકાસણી કરી વાહનો તેમજ નાગરિકોની અવરજવર પર નિયંત્રણ રાખી લોકડાઉનનો કડક અમલ કરવામાં આવ્યો છે. જરૂરી કામ સિવાય બહાળ નીકળનારની ટેકનોલોજીના પીસી.સી.ટી.વી. કેમેરા અને ડ્રોન કેમેરાના ઉપયોગ દ્વારા લોકડાઉનનો ભંગ કરનારની ધરપકડ કરવામાં આવે છે. પણ ગાંધીનગર ના સમજુ અને શિસ્તપાલન કર્તા નાગરીકોની સામે સમગ્ર ૨૧ દિવસના લોકડાઉન દરમ્યાન જાહેરનામા ભંગના ૨૬૧ અને કવોરેન્ટાઈન ભંગના ૩૧૧ મળી કુલ ૫૭૨ લોકોએ લોકડાઉનનો ભંગ કર્યો છે.


ઘરમાં રહો, સુરક્ષિત રહો

સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

આપણે સુરક્ષિત, તો રાષ્ટ્ર સુરક્ષિત

આપણું આરોગ્ય હવે આપણી આંગળીના ટેરવે



આરોગ્ય સેતુ એપ

કોરોનાથી બચવાનો રામબાણ ઈલાજ



COVID-19 સંબંધિત માહિતી માટે વન-સ્ટોપ સોલ્યુશન

"Aarogya Setu App" (આરોગ્ય સેતુ એપ)

શું તમે તમારા મોબાઈલમાં આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરી છે ?

જો ન કરી હોય તો, અત્યારે જ આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરો અને બીજાઓને પણ પ્રેરિત કરો

આરોગ્ય સેતુ એપ એવું સુરક્ષા કવચ છે કે, જો કોરોનાગ્રસ્ત વ્યક્તિ તમારી નજીક પણ આવશે તો તરત જ તમારા મોબાઈલમાં બીપ-બીપ અવાજ આવશે અને તમને સચેત કરી દેશે જેથી કોરોના વાયરસના સંક્રમણથી તમે બચી જશો

આ એપ કઈ રીતે કામ કરે છે ?

- બ્લૂ-ટૂથ, લોકેશન અને મોબાઈલ નંબરથી જાણકારી મેળવે છે કે તમે કોરોના સંક્રમિત વ્યક્તિના સંપર્કમાં આવ્યા છો કે નહીં ?
- તમારા લોકેશનની માહિતી અને સોશ્યલ ગ્રાફના આધારે આ એપ જણાવશે કે તમે Low Risk કે High Risk ઝોનમાં છો

આ એપ કઈ રીતે ઉપયોગી છે ?

- આ એપ આપશે દેશના અલગ-અલગ રાજ્યોના હેલ્પ સેન્ટર્સના ટેલિફોન નંબરોની યાદી
- Self-Assessment Testની જાણકારીથી તમે સ્વયં નક્કી કરી શકશો કે ક્યાંક તમને તો આ ચેપનો ભય નથી ને ?
- COVID-19ના લક્ષણો અને તમને મુંઝવતા પ્રશ્નોના જવાબો પણ મળી રહેશે આ એપ પરથી




ક્યુઆર કોડ સ્કેન કરો અને ડાઉનલોડ કરો

આરોગ્ય સેતુ એપ ડાઉનલોડ કરો

Download on the App Store

GET IT ON Google Play

આરોગ્ય સેતુ એપ વડે આપણી જાતને સુરક્ષિત કરીએ અને કોરોના વાયરસને ભગાડીએ - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત